# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/348 Dt. 05/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા દૈનિક જીવનમાં થતા સામાન્ય હાડકા અને સાંધાના રોગો વિષે જાગૃતિ સત્ર

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે દૈનિક જીવનમાં થતા સામાન્ય હાડકા અને સાંધાના રોગો વિષે જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના વ્યસ્ત જીવન અને બદલાતી જીવનશૈલીને કારણે લોકોમાં હાડકા અને સાંધા સંબંધિત તકલીફો વધતી જોવા મળે છે. રોજિંદા જીવનમાં થતી સામાન્ય હાડકા અને સાંધાની સમસ્યાઓ, તેની સારવાર તથા બચાવ અંગે નિષ્ણાતોના માર્ગદર્શનથી લોકોને ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વકતા તરીકે ડો. શ્રુજલ શાહ (કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક એન્ડ કમ્પ્યુટર–અસિસ્ટેડ જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, ગ્રીન લીફ હોસ્પિટલ તથા સર્વમ ઓર્થોપેડિક હોસ્પિટલ) દ્વારા હાડકા અને સાંધાના સામાન્ય રોગો, તેના કારણો, લક્ષણો તથા આધુનિક સારવાર પદ્ધતિઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે દૈનિક જીવનમાં યોગ્ય કસરત, સંતુલિત આહાર અને સક્રિય જીવનશૈલી અપનાવવાની જરૂરિયાત પર પણ ભાર મુકયો હતો.

તેમણે જણાવ્યું હતું કે, લાંબા સમય સુધી બેસીને કામ કરવું, કસરતનો અભાવ, ખોટી બેસવાની અને ઊભા રહેવાની રીત તથા વધતા વજનના કારણે લોકોમાં હાડકા અને સાંધાના રોગો ઝડપથી વધી રહ્યા છે. જો

સમયસર ધ્યાન આપવામાં આવે અને યોગ્ય કસરત, સંતુલિત આહાર તેમજ નિયમિત આરોગ્ય તપાસ કરવામાં આવે તો આવી ઘણી સમસ્યાઓથી બચી શકાય છે. તેમણે લોકોને હાડકા અને સાંધાના આરોગ્ય પ્રત્યે સજાગ રહેવા અને તકલીફ જણાય ત્યારે નિષ્ણાત ડોકટરની સલાહ લેવાની પણ અપીલ કરી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી નૈનેશ પચ્ચીગરે મુખ્ય વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ભાવેશ ટેલરે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમ ઉપસ્થિત સભ્યો માટે ખૂબ જ માહિતીસભર સાબિત થયો હતો.